દાખલ તારીખ :- ૧૪-૧૧-૨૦૨૨
નોંધણી તારીખ :- ૧૪-૧૧-૨૦૨૨
ફેંસલ તારીખ :- ૨૪-૧૧-૨૦૨૨
સમયગાળો :- **વર્ષ-માસ-દિવસ**
**૦૦ - ૦૦ - ૧૦**

**મે.એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટ સમક્ષ, પાટણ, મુ.રાધનપુર.**

**ક્રિ.પર.અ.નં.૪૪૯/૨૦૨૨.**
**આંક :- ૦૮**

**અરજદાર :-** સામાભાઈ કરશનભાઈ રબારી,
ઉં.વ.આ.૬૦, ધંધો : ખેતી,
રહે.મુ.બંધવડ, તા.રાધનપુર, જી.પાટણ.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :-** શ્રી સરકાર

**બાબત :- ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન મેળવવાની અરજી...**

**એડવોકેટસ :-**

અરજદાર/આરોપી તર્ફે વિ.વકીલશ્રી સી.બી.પુજારા.
સામાવાળા શ્રી સરકાર તર્ફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટ.

**-:: ઠ રા વ ::-**

(૧) આ કામના અરજદાર/આરોપી રાધનપુર પો.સ્ટે. ગુના રજી.નં.૧૧૨૧ ૭૦૨૭૨૦૦૫૦૪/૨૦૨૦, ઈ.પી.કો.કલમ-૩૦૨, ૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૨૯૪(બી), ૫૦૬(૨), ૩૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના નોંધાયેલા ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોઈ, તેઓએ ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૯ અન્વયે જામીન અરજીમાં જણાવેલ કારણો અને હકીકત મુજબ રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટે અરજી કરેલ છે.

(૨) આ કામે ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી છનાભાઈ શામજીભાઈ ઠાકોર, રહે.બંધવડ, તા.રાધનપુરનાઓ તથા સાહેદો ઠાકોર પ્રતાપભાઈ રામાભાઈ તથા ઠાકોર અરવિંદભાઈ ભુરાભાઈ તથા ઠાકોર રમેશભાઈ તેજાભાઈ તથા ભુરાભાઈ લગધીરભાઈનાઓ તા.૧૨/૦૫/૨૦૨૦ ના રોજ સાંજના આશરે પાંચેક વાગ્યાના સુમારે ખેતરમાંથી આવી બસ સ્ટેન્ડ ઉપર ભેગા થયેલ, તેવામાં ફરીયાદીને જાણવા મળેલ કે, તેમની કાકી દરીયાબેન ભુરાભાઈ ઠાકોરની સાથે આરોપી રબારી ભેમાભાઈ જેઠાભાઈએ ઝઘડો કરેલ, જેથી તેને થોડો સમય ગામમાં ન રહેવા સામાજીક રીતે નકકી કરેલ. પરંતુ, આ આરોપી રબારી ભેમાભાઈ જેઠાભાઈ પોતાના ખેતરે આવી ગયેલ હોઈ, ફરીયાદી સાહેદો રબારી ભેમાભાઈ જેઠાભાઈના રાણેતવાળા નામથી ઓળખાતા ખેતર પાસે જતા, આરોપી નં.૧ રમેશભાઈ જેઠાભાઈ રબારી, આરોપી નં.૨ ભેમાભાઈ જેઠાભાઈ રબારી, આરોપી નં.૩ માલાભાઈ જેઠાભાઈ રબારી, આરોપી નં.૪ જેઠાભાઈ કરશનભાઈ રબારી તથા આરોપી નં.૫ દિનેશભાઈ નરસંગભાઈ રબારીનાઓ હોઈ, ફરીયાદી સાહેદોએ આરોપી ભેમાભાઈ જેઠાભાઈ ઠાકોરને કહેલ કે, તેઓ ગામમાં કેમ શરતનો ભંગ કરી આવેલ છે ? તેમ કહેતા તમામ આરોપી નં.૧ થી ૫ નાઓએ ઉશ્કેરાઈ જઈ ભુંડી ગાળો બોલતા આરોપી નં.૧ થી ૫ નાઓ લાકડીઓ લઈ આવી આરોપીઓએ ફરીયાદીના માથામાં, જમણા હાથે, બંને ખભા ઉપર, બંને પગ ઉપર લાકડીઓથી ફરીયાદીને માર મારેલ તથા સાહેદ પ્રતાપભાઈ રામાભાઈ છોડાવવા વચ્ચે પડતા તેમને આરોપી રમેશભાઈ જેઠાભાઈ રબારીએ માથાના પાછળના ભાગે લાકડી મારતા તેઓ બેભાન થઈ નીચે પડી ગયેલ તથા આરોપી નં.૬ થી ૧૪ સાગરભાઈ માનાભાઈ રબારી, માનાભાઈ કરશનભાઈ રબારી, નરસંગભાઈ પીરાભાઈ રબારી, ભરતભાઈ સામાભાઈ રબારી, માલજીભાઈ સામાભાઈ રબારી, લાખાભાઈ માનાભાઈ રબારી, રાજેશભાઈ સામાભાઈ રબારી, ગોવાભાઈ નરસંગભાઈ રબારી તથા સામાભાઈ કરશનભાઈ રબારીનાઓને ફોન કરતા, આરોપી નં.૬ થી ૧૪ નાઓ કમાન્ડર ગાડી સાથે લાકડીઓ તથા ધારીયા લઈ આવી ફરીયાદી સાહેદોને ગાળો બોલી સાહેદોને માર

મારતા, સાહેદોએ બુમો પાડતા અન્ય સાહેદો આવી જતા, આરોપીઓ જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહેલા અને આ બાબતે ફરીયાદીએ ફરીયાદ આપતા, રાધનપુર પો.સ્ટે. ગુના રજી.નં.૧૧૨૧૭૦૨૭૨૦૦ ૫૦૪/૨૦૨૦, ઈ.પી.કો.કલમ-૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૨૯૪(બી), ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો નોંધવામાં આવેલો. ત્યારબાદ ઈજા પામનાર સાહેદ પ્રતાપભાઈ રામાભાઈ ઠાકોરનાઓ સારવાર દરમ્યાન મરણ જતા, ત.ક.અમલદારશ્રીએ ઈ.પી.કો.કલમ-૩૪, ૩૦૨, ૧૪૩ મુજબનો ઉમેરો કરવાનો રીપોર્ટ કરતા, તે મુજબની કલમોનો ઉમેરો કરવામાં આવેલો છે.

(૩) આ કામના અરજદાર/આરોપીની હાલની અરજી અંગે સામાવાળા શ્રી સરકારને તથા ત.ક.અમલદારશ્રીને નોટીસ કરવામાં આવેલી. સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટ હાજર રહેલ છે અને ત.ક.અમલદારશ્રીએ હાજર થઈ તેઓનુ સોગંદનામુ રજુ કરેલ છે.

(૪) અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી સી.બી.પુજારા તથા સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટને સાંભળ્યા. અરજદાર/આરોપીની જામીન અરજી વંચાણે લીધી. અરજદાર/આરોપી તરફે આંક-૩ ના દસ્તાવેજી લીસ્ટથી રજુ થયેલ નિ.૩/૧ થી નિ.૩/૧૪ સુધીથી રજુ દસ્તાવેજી પુરાવાઓ તથા આંક-૬ ના દસ્તાવેજી લીસ્ટથી રજુ થયેલ નિ.૬/૧ થી નિ.૬/૫ સુધીથી રજુ દસ્તાવેજી પુરાવાઓ તથા આંક-૭ ના દસ્તાવેજી લીસ્ટથી રજુ નિ.૭/૧ નો દસ્તાવેજી પુરાવો વંચાણે લીધા તથા આંક-૫ થી રજુ એસ.એફ.ચાવડા, પોલીસ ઈન્સ્પેકટરશ્રી, રાધનપુર પો.સ્ટે. નાઓનું સોગંદનામું તથા તપાસનુ રેકર્ડ વંચાણે લીધુ.

(૫) અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી સી.બી.પુજારાની દલીલ એવી

છે કે, આ કામના અરજદાર/આરોપી સામે રાધનપુર પો.સ્ટે. ગુના રજી.નં.૧૧૨૧ ૭૦૨૭૨૦૦૫૦૪/૨૦૨૦, ઈ.પી.કો.કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૨૯૪(બી), ૫૦૬(૨), ૩૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ છે. હાલના ગુનાના ૧૧ આરોપીઓને નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા જામીન મુકત કરવામાં આવેલા છે. હાલના ગુનાના કામે ચાર્જશીટ થઈ ગયેલ છે. જે સેશન્સ કેસ નં.૨૧/૨૦૨૦ થી અત્રેની નામદાર કોર્ટમાં પેન્ડીંગ છે. જેનો ક્રોસ કેસ સેશન્સ કેસ નં.૨૬/૨૦૨૧ થી નોંધાયેલ છે. હાલના ગુનાના આરોપી રમેશભાઈ જેઠાભાઈ રબારીનાઓ મુખ્ય આરોપી હોઈ, તેઓ યુ.ટી.પી. છે. આ કામના અરજદાર/આરોપી તા.૨૩/૧૦/૨૦૨૨ ના રોજથી જયુડીશ્યલ કસ્ટડીમાં છે. હાલના અરજદાર/આરોપી સામેનુ ચાર્જશીટ થઈ ગયેલ છે. જે ક્રિમીનલ કેસ નં.૧૩૨૨/૨૦૨૨ થી નોંધાયેલ છે. આ કામના આરોપી નં.૨ ભેમાભાઈ જેઠાભાઈ રબારી અને ફરીયાદીના કાકી દરીયાબેનને ઝઘડો થયેલ. જેની અદાવતના કારણે હાલનો બનાવ બનેલ છે. બનાવના દિવસે અને સમયે હાલના અરજદાર/આરોપી પોતાના સાળા રબારી મગનભાઈ વિરભણભાઈનુ અવસાન થતા બંઘવડથી નીકળી સરેલ, તા.હારીજ મુકામે ગયેલા હોઈ, બનાવ સ્થળે અરજદાર/આરોપીની હાજરી ન હતી. આ કામના અરજદાર/આરોપીના સી.ડી.આર. ત.ક.અમલદારશ્રીએ જાણી જોઈને જણાવેલા નથી. આ કામે ત.ક. અમલદારના સોગંદનામામાં કોલમ નં.૬ માં હાલનો બનાવ સમય ૧૮–૩૦ વાગ્યાનો જણાવેલ છે, જયારે એફ.આઈ.આર.માં બનાવ સાંજના પાંચેક વાગે બન્યાનો ઉલ્લેખ છે. આ કામે નિ.૩/૪ થી ક્રોસ ફરીયાદ રજુ કરેલ છે. આ કામના અરજદાર પક્ષે ફરીયાદ કર્યા બાદ બીજા દિવસે ફરીયાદીએ ગોઠવીને ફરીયાદ આપેલ છે. હાલના ગુનાની ફરીયાદ મોડી આપવા અંગે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. આ કામના અરજદાર/ આરોપી બનાવ સ્થળે હાજર ન હોવા છતા, રાજકીય દબાણના કારણે હાલના અરજદારને આરોપી તરીકે જોડી દીધેલ છે. આ કામના અરજદાર/આરોપીની બનાવ સ્થળ ઉપર હાજરી માનવામાં આવે તો પણ સ્વરક્ષણ કરેલ હોવાની વાત માનવી

જોઈએ. આ કામના અરજદાર/આરોપીએ કોને કેવી રીતે માર મારેલ તેનો કોઈ ઉલ્લેખ ફરીયાદમાં નથી. અરજદાર/આરોપી ૬૦ વર્ષના હોય અને તેઓ અન્ય જુવાન વ્યકિતઓને પાછળ દોડી માર મારે તે વાત માની શકાય નહીં. આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા જામીન મુકત કરવામાં આવેલ આરોપી નં.૧૦ તથા ૧૧ નાઓનો રોલ તથા હાલના અરજદાર/આરોપીનો રોલ એકસરખો છે. જેથી હાલના અરજદાર/ આરોપીને પેરીટીનો લાભ મળવાપાત્ર છે. વધુમાં, અરજદાર/આરોપીની સામે અગાઉ બે ગુના નોંધાયેલા છે. જે ગુના સાબિત થયેલા નથી. અરજદાર/આરોપી પાટણ જીલ્લાના સ્થાનિક અને કાયમી રહેવાસી છે તેમજ સ્થાવર તથા જંગમ મિલકત ધરાવે છે, કયાંય નાસી ભાગી જાય તેમ નથી. નામદાર કોર્ટ ફરમાવે તેવા સ્થાનિક સધ્ધર જામીન આપવાની ખાત્રી આપે છે, ટ્રાયલ દરમ્યાન તેમની હાજરીની સલામતી છે. અરજદાર/ આરોપી ઉંમરલાયક વ્યકિત છે અને તેઓને એક આંખે વર્ષોથી દેખાતુ નથી તેમજ હાલમાં અરજદાર/આરોપીને પેટમાં ગાંઠ હોવાનુ જણાઈ આવેલ છે. જેથી હાલના અરજદાર/ આરોપીને જામીન મુકત ન કરવામાં આવે તો તેમના સ્વાસ્થ્યને વિપરીત અસર થાય તેમ છે. આ કામે ચાર્જશીટ થઈ ગયેલ હોઈ, અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં ન આવે તો પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે. અરજદાર/આરોપી નામદાર કોર્ટ ફરમાવે તેવી શરતોનુ પાલન કરવાની ખાત્રી આપે છે. જેથી અરજદાર/આરોપીને યોગ્ય શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૬) સામાવાળા સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટે દલીલ કરતા જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ રાધનપુર પો.સ્ટે. ગુના રજી. નં.૧૧૨૧૭૦૨૭૨૦૦૫૦૪/૨૦૨૦, ઈ.પી.કો.કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૨૯૪(બી), ૫૦૬(૨), ૩૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબના ગંભીર ગુનાનો આક્ષેપ છે. આ કામના અરજદાર/ આરોપી તથા સહઆરોપીઓએ ભેગા મળી ગેરકાયદેસર મંડળી રચી, પોતાનો સમાન

ઈરાદો પાર પાડવા પ્રાણઘાતક હથિયારો ધારણ કરી ફરીયાદી સાહેદોને લાકડીઓથી માર મારી મહાવ્યથા પહોંચાડી તેમજ સાહેદ પ્રતાપભાઈ ઠાકોરનુ મોત નિપજાવી ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. આ કામના અરજદાર/આરોપીનું એફ.આઈ.આર.માં પ્રથમથી જ નામ છે. આ કામના અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. આ કામના અરજદાર/આરોપી છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા હતા અને તેમની સામે ક્રિ.પ્રો.કો. કલમ–૭૦ મુજબનુ વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ હતુ અને હાલના અરજદાર/આરોપીને તા.૨૨/૧૦/૨૦૨૨ ના રોજ અટક કરવામાં આવેલા છે. આ કામના અરજદાર/આરોપી સામે ચાર્જશીટ થઈ ગયેલ છે. વધુમાં, આ કામના અરજદાર/આરોપી સામે અગાઉ બે ગુના નોંધાયેલા છે. આમ, અરજદાર/આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. આ કામના અરજદાર/આરોપી સામે મૃત્યુદંડની સજાને પાત્ર ગંભીર ગુનાનો આક્ષેપ છે. જેથી અરજદાર/આરોપી સામેના ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ તેમજ ત.ક.અમલદારનુ સોગંદનામું ધ્યાને લઈ, હાલની જામીન અરજી નામંજુર કરવી જોઈએ.

(૭) બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળી. ત.ક.અમલદારનુ સોગંદનામું તથા પોલીસ તપાસના કાગળો તથા અરજદાર/આરોપી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તેમજ મુળ ફરીયાદીનુ સોગંદનામુ ધ્યાને લીધા. આ કામના અરજદાર /આરોપી વિરૂધ્ધ રાધનપુર પો.સ્ટે. ગુના રજી.નં.૧૧૨૧૭૦૨૭૨૦૦૫૦૪/૨૦૨૦, ઈ.પી.કો.કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૨૯૪(બી), ૫૦૬(૨), ૩૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગંભીર ગુનાનો આક્ષેપ છે. આ કામે ફરીયાદ હકીકત તથા આંક–૫ થી રજુ ત.ક.અમલદારનુ સોગંદનામુ વંચાણે લેતા, આ કામના અરજદાર/આરોપી તથા સહઆરોપીઓએ ભેગા મળી ગેરકાયદેસર મંડળી રચી, પોતાનો સમાન ઈરાદો પાર પાડવા પ્રાણઘાતક હથિયારો ધારણ કરી ફરીયાદી સાહેદોને લાકડીઓથી માર મારી મહાવ્યથા પહોંચાડી તેમજ સાહેદ પ્રતાપભાઈ ઠાકોરનુ મોત નિપજાવેલ હોવાનો આક્ષેપ

છે. આ કામે એફ.આઈ.આર.માં કુલ–૧૪ આરોપીઓના નામ દર્શાવેલ છે. જે પૈકી હાલના અરજદાર/આરોપી એફ.આઈ.આર.માં આરોપી નં.૧૪ તરીકે દર્શાવેલ છે. એફ.આઈ.આર.માં દર્શાવેલ ૧૪ આરોપીઓ પૈકી ૧૧ આરોપીઓએ આ કોર્ટ સમક્ષ કરેલ જામીન અરજી મારા પુરોગામી વિધ્વાન સેશન્સ જજશ્રીએ નામંજુર કરેલ અને ત્યારબાદ અન્ય સહઆરોપીઓએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી ચાર્જશીટ બાદ કરતા, તેઓને નામદાર ગુજરાત હાઈકોર્ટે જામીન મુકત કરવાનો હુકમ કરેલ છે. અરજદાર /આરોપીના વિ.વ.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીનો ગુનામાં જે પ્રકારનો રોલ દર્શાવવામાં આવેલ છે તેવો જ રોલ એફ.આઈ.આર.માં દર્શાવેલ આરોપી નં.૧૦ અને ૧૧ નો દર્શાવવામાં આવેલ છે અને તે આરોપીઓને નામદાર ગુજરાત હાઈકોર્ટે જામીન મુકત કરેલ હોય, અરજદાર/આરોપી પેરીટીનો લાભ મેળવવા હકકદાર થાય છે. અરજદાર/આરોપી સામેનો આક્ષેપ તેમજ અન્ય જામીન મુકત થયેલ સહઆરોપીઓ વિરૂધ્ધના આક્ષેપ ધ્યાને લેતા, અરજદાર/આરોપીનો રોલ વધુ ગંભીર કહી શકાય તેમ નથી અને તેથી નામદાર ગુજરાત હાઈકોર્ટની **રમેશભાઈ બટુભાઈ ડાભી વિરૂધ્ધ ગુજરાત રાજય**વાળી ઓથોરીટીમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ અરજદાર/ આરોપીને પેરીટીનો લાભ મળવાપાત્ર છે.

(૭/૧) અરજદાર/આરોપીનો એક બચાવ એવો છે કે, જે દિવસે અને સમયે બનાવ બન્યો તે સમયે તેઓ તેમના સાળા રબારી મગનભાઈ વિરભણભાઈનુ અવસાન થતા બંધવડથી નીકળી સરેલ, તા.હારીજ મુકામે ગયેલ હતા. આ અંગે તેઓએ જે તે સમયે અરજી પણ કરેલી અને તે અરજી સંબંધે ત.ક.અમલદારશ્રીએ તપાસ પણ કરેલી અને તેથી અન્ય આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ રજુ કરતા સમયે ત.ક.અમલદારશ્રીએ અરજદાર/આરોપીને ચાર્જશીટની કોલમ નં.ર માં ઈન્સાફી કાર્યવાહી સારૂ નહીં મોકલેલ આરોપી તરીકે દર્શાવેલ હતા અને ત્યારબાદ રાજકીય દબાણના કારણે અરજદાર/ આરોપી વિરૂધ્ધ ખોટી રીતે ચાર્જશીટ કરેલ છે. અરજદાર/આરોપી તરફે નિ.૬/૩ થી

ત.ક.અમલદારશ્રીએ નાયબ પોલીસ અધિક્ષકશ્રી પાસે ચાર્જશીટ એપ્રુવ કરવા માટે કરેલ રીપોર્ટ અને તે રીપોર્ટના સંદર્ભમાં નાયબ પોલીસ અધિક્ષકશ્રીએ આપેલ જવાબની નકલ રજુ કરેલ છે. આ રીપોર્ટ વંચાણે લેતા પણ, પુરાવાની વધુ ચર્ચા કરવી ન્યાયોચિત જણાતી ન હોય, આ રીપોર્ટના આધારે પણ અરજદાર/આરોપીને જામીન મુકત કરવા ન્યાયોચિત જણાય છે. અત્રે એ પણ નોંધનીય છે કે, આ કામે ચાર્જશીટ થઈ ગયેલ છે. અરજદાર/આરોપી તથા ફરીયાદ પક્ષ વચ્ચે સામ સામી ફરીયાદો થયેલી છે. તેથી તેઓ વચ્ચે દુશ્મનાવટ હોવાનુ માનવાને કારણ છે. આ કામે તપાસ પુર્ણ થઈ ગયેલ હોઈ અને ૧૧ જેટલા સહઆરોપીઓને નામદાર ગુજરાત હાઈકોર્ટે જામીન ઉપર મુકત કરેલ હોય, અરજદાર/આરોપીના લાભમાં જામીન અરજી મંજુર કરવી ન્યાયોચિત જણાય છે. ત.ક.અમલદારશ્રીના સોગંદનામામાં જામીન અરજી નામંજુર કરવા માટેના જે કારણો જણાવેલ છે તેમાં સુલેહ શાંતિનો ભંગ થવાની શકયતા દર્શાવેલ છે. પરંતુ, આ અંગે યોગ્ય શરત લાદી શકાય તેમ છે. ત.ક.અમલદારશ્રીએ સોગંદનામામાં જામીન અરજી મંજુર નહીં કરવા માટેના જે કારણો આપેલ છે, તે કારણો અંગે યોગ્ય શરત મુકી અરજી મંજુર કરવી યોગ્ય જણાતુ હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: <u>હુ ક મ</u> ::-

(૧) આ કામના અરજદાર/આરોપી સામાભાઈ કરશનભાઈ રબારી, રહે.મુ.બંધવડ, તા.રાધનપુર, જી.પાટણવાળાની ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૪૩૯ અન્વયેની રેગ્યુલર જામીન અરજી **મંજુર** કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદાર/આરોપીએ રાધનપુર પો.સ્ટે. ગુના રજી.નં.૧૧૨૧ ૭૦૨૭૨૦૦૫૦૪/૨૦૨૦, ઈ.પી.કો.કલમ-૩૦૨, ૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૨૯૪(બી), ૫૦૬(૨), ૩૪, ૧૪૩, ૧૪૭,

૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાતમુચરકા આપ્યેથી તેઓને નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

<u>શરતો :–</u>

૧. અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના કેસને નુકશાન થાય તેવુ કોઈ કૃત્ય સીધી કે આડકતરી રીતે કરવું નહીં, તેમજ ફરીયાદ પક્ષના સાક્ષીઓને ધાક ધમકી આપવી નહીં કે પુરાવા સાથે ચેડા કરવાની કોશીશ કરવી નહીં.

૨. અરજદાર/આરોપીએ સુલેહ, શાંતિ જાળવવી અને આવા પ્રકારનો કોઈ ગુનો કરવો નહીં.

૩. અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમ્યાન અનિવાર્ય સંજોગો સિવાય નિયમીત હાજર રહેવું.

૪. અરજદાર/આરોપીએ સદર ગુન્હાની તપાસના કામે તપાસ કરનાર અમલદારને પુરતો સાથ–સહકાર આપવો.

૫. અરજદાર/આરોપીએ અદાલતની પૂર્વ પરવાનગી વિના ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

૬. જો અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો અરજદાર/આરોપીએ જામીન મુકત થયેથી દિન–૧૦ માં નીચેની કોર્ટમાં પાસપોર્ટ જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગે સોગંદનામું નીચેની કોર્ટમાં રજુ કરવું.

૭. અરજદાર/આરોપીએ આ હુકમની તારીખથી છ (૦૬) માસ સુધી બંધવડ ગામની સીમમાં પ્રવેશ કરવો નહીં.

૮. અરજદાર/આરોપીએ પોતાનું કાયમી રહેઠાણનું સરનામું તેમજ છ માસ સુધી તેઓ જે જગ્યાએ રહેવાના હોય તે જગ્યાનુ સરનામુ નીચેની કોર્ટમાં જાહેર કરવું અને તે કોર્ટની પૂર્વ પરવાનગી સિવાય બદલવુ નહીં.

(૩) અરજદાર/આરોપીએ જામીન નીચેની કોર્ટમાં આપવા.

(૪) આ હુકમ સબંધે સંબંધકર્તા પોલીસ સ્ટેશન તથા નીચેની કોર્ટને યાદી કરવી.

હુકમ આજ રોજ તા.**૨૪ મી,** માહે **નવેમ્બર,** સને **૨૦૨૨** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૪/૧૧/૨૦૨૨.
પાટણ.

( **ગૌરાંગ જીતેન્દ્રકુમાર શાહ** )
GJ00660
એડીશનલ સેશન્સ જજ, પાટણ,
મુ.રાધનપુર.

KBS.